# ૯૧મી જન્મજયંતી-વિશેષાંક



સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે. એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય, પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે.

—*કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૪ સં. ૨૦૬૦ [૭૩૦] * **આત્મધર્મ** * [અંક-૨ વર્ષ-૬૧] વીર સં. ૨૫૩૦ ઓગસ્ટ-૨૦૦૪

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ વાસ્તવમાં વચન દ્વારા કોઈ પણ આત્મા નિંદા કે સ્તુતિને પ્રાપ્ત થતો નથી. મારી નિંદા કરવામાં આવી છે કે મારી સ્તુતિ કરવામાં આવી છે એમ મોહના યોગથી માને છે. ૮૩૫.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, સંવર અધિકાર, ગાથા-૩૨)*

❀ છ દ્રવ્યો અને નવ પદાર્થોના ઉપદેશનું નામ દેશના છે. તે દેશનાથી પરિણત આચાર્યાદિની પ્રાપ્તિ અને ઉપદિષ્ટ અર્થનું ગ્રહણ, ધારણ તથા વિચારણાની શક્તિના સમાગમને દેશનાલબ્ધિ કહે છે. ૮૩૬.

*(શ્રી ધવલા પુસ્તક-૬, પાનું-૨૦૪)*

❀ ત્રણ લોકમાં આ જીવને જે કાંઈ પણ સુખ અથવા દુઃખ (સંયોગિક સુખ-દુઃખ) થાય છે તે બધું દૈવના પ્રભાવથી થાય છે, અન્યથી નહિ. એમ સમજીને જે શુદ્ધ બુદ્ધિવાળો પુરુષ છે તે કદી પણ પોતાના મનની શાંતિનો ભંગ કરતો નથી. ૮૩૭.

*(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૩૬૭)*

❀ વહી સમ્યગ્દર્શન શુદ્ધ કહા ગયા હૈ જહાં આત્માકે સ્વરૂપમેં શંકા ન કી જાવે ઉસી સમ્યક્ત્વમેં જમે રહના ચાહિયે કિસી ભી સ્થાન પર રહો, કિસી ભી સ્થાન પર યહ સમ્યક્ત્વ પૈદા હો સકતા હૈ. યહ સમ્યક્ત્વ હી શ્રેષ્ઠ હૈ. દૃઢ હૈ વ પ્રમાણરૂપ હૈ. યહ સમ્યક્ત્વ કિસી જીવકે હી પ્રકાશ હોતા હૈ, કોઈ હી જીવકી દૃષ્ટિ અપને અર્થ પર જાતી હૈ. ૮૩૮.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૨૬)*

❀ સમુદ્ર વિષે રહેલો વડવાનલ અગ્નિ સમુદ્રના જળને શોષે છે, તેમ સંસાર વિષે માનસિક દુઃખરૂપી ભયંકર વડવાનલ એટલો બધો દુઃખપ્રદ છે કે તે જીવને પ્રાપ્ત વિષયો પણ સુખે ભોગવવા દેતો નથી અને અપ્રાપ્ત વિષયોની ઝંખનામાં ને ઝંખનામાં સદોદિત બાળ્યા કરે છે. અને એ રીતે તેના શાંતભાવરૂપ નિજ-પ્રાણને પ્રતિપળે શોષ્યા કરે છે. ૮૩૯.

*(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૮૭)*

કહાન
સંવત-૨૪
વર્ષ-૬૧
અંક-૨
[૭૩૦]

વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
AUGUST
A.D. 2004




આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ અધ્યાત્મિક તત્ત્વચર્ચા

## * અંતરનો રસ વધે ત્યાં બહારનો રસ છૂટી જાય *

અંતરનો રસ લાગે તેને બહારનો રસ સહેજે છૂટી જાય, તેને બે પ્રયત્ન કરવા પડતા નથી. એક તરફનું ખેંચાણ થાય ત્યાં બીજા તરફનો રસ સહેજે છૂટી જાય છે. જીવને પોતાના આત્મા તરફનો રસ જાગે, ત્યાં વિભાવ તરફનો રસ સહેજે છૂટી જાય છે. પોતા તરફની રમણતા વધે,—ચૈતન્યમાં લીનતા વધે ત્યાં બહારનો રસ સહેજે તૂટી જ જાય છે. જેમ કે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટે ત્યાં અનંતાનુબંધીનો રસ તૂટી જ જાય છે. અંદરથી સ્વાનુભૂતિ વધે ત્યાં દેશવિરતિપણું સહેજે આવી જાય છે. તેને પછી આટલા વિષય છોડવા કે આ કરવું એમ રોકાવું પડતું નથી. જો બહારમાં ને બહારમાં રોકાય તો તેને રસ તૂટતો નથી. આ કષાય ઓછા કરવા કે આ કરવું એમ નથી, પણ પોતા તરફ વળે ત્યાં સહેજે રસ તૂટી જાય છે. તે શુભભાવનામાં આવે ત્યારે મંદ કષાય થાય, પણ કષાયનો અભાવ તો ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય અને ઉપયોગ પોતા તરફ જાય ત્યાં સહેજે થઈ જાય છે. તેને બે પ્રયત્ન કરવા પડતા નથી. એક પ્રયત્નમાં બીજો સમાઈ જાય છે. જ્યાં બહારથી રસ તૂટે ત્યાં અંતરનો રસ વધી જાય ને અંતરનો રસ વધે ત્યાં બહારથી રસ તૂટી જ જાય. જુદા-જુદા બે પ્રયત્ન કરવા પડતા નથી.

## * મુક્તિનો માર્ગ : ચૈતન્ય સ્વપદમાં સ્થિર થવું *

મુક્તિનો એક જ માર્ગ છે. તે એક જ માર્ગે ચાલવાનું છે. ગુરુદેવે એક માર્ગ બતાવ્યો છે. બધું કરી કરીને આત્માનું કરવાનું છે.

તત્ત્વનું ચિંતવન કરે, શાસ્ત્રાભ્યાસ કરે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરે કે આત્માની મહિમા કરે તે બધાંમાં એક આત્માનું જ ધ્યેય રાખવાનું છે. આત્માને ઓળખવો તે જ કરવાનું છે. આત્માનો સ્વભાવ કેવી રીતે પ્રગટ થાય? તેનો મૂળ સ્વભાવ જે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંતગુણોથી ભરેલો છે તે શુદ્ધરૂપે કેવી રીતે પરિણમે? જે અનાદિથી વિભાવ પર્યાય થઈ રહી છે તે પલટીને સ્વભાવ પર્યાય કેવી રીતે થાય? શુદ્ધ આત્મા શુદ્ધતારૂપે કેવી રીતે પરિણમે?–આ પ્રયત્ન કરવાનો છે. વિભાવ તરફ દૃષ્ટિ કરવાથી વિભાવ પર્યાય થઈ રહી છે તે છૂટીને શુદ્ધરૂપે પરિણમન થાય તે તેના સમ્યક્ સ્વભાવની પ્રગટતા છે તે સ્વભાવ તેનું ઘર છે, રહેવાનું મૂળ સ્થાન છે. સમયસારમાં આવે છે ને? કે જ્ઞાયકભાવ જ સ્થાતાનું સ્થાન છે, રહેનારનું રહેઠાણ છે, તે સર્વસ્વ છે. પણ અજ્ઞાની પોતાનો સ્વભાવ નથી, પોતાનું ઘર નથી, અર્થાત્ જે પરઘર છે, ત્યાં બહારમાં ચાલ્યો ગયો છે.

ચૈતન્યનું સ્વામિત્વ ચૈતન્યમાં છે, છતાં પરનું સ્વામિત્વ અજ્ઞાન અવસ્થાથી માન્યું છે. પરનું કરી શકું એમ માનવું તે અજ્ઞાનતા છે. તે પરનું કરી શકતો નથી અને પરનું કરવા મથી રહ્યો છે. પોતે ચૈતન્ય તરફ દૃષ્ટિ કરે તો પોતે પોતાનું કરી શકે છે. પોતાની પર્યાય શુદ્ધરૂપે પરિણમે તે પોતે કરી શકે છે. આ બધું પરઘર છે તેનાથી ભેદજ્ઞાન કરીને પોતાના સ્વભાવમાં દૃષ્ટિ સ્થાપે અને શુદ્ધ સ્વભાવમાંથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય તે કરવાનું છે.

આચાર્યદેવ કહે છે કે અહીં આવ.....અહીં આવ.....આ તારું રહેવાનું રહેઠાણ છે. આ તારું પદ છે. બીજું બધું અપદ છે. પોતાનું પદ તો ચૈતન્યપદ છે, તેમાં તું આવ. તારે તે કરવાનું છે. બહારની વિભાવની પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ નિવૃત્તસ્વરૂપ આત્મામાં જ પરિણતિ પ્રગટ કરવા જેવી છે. પોતામાં જ પરિણતિ કરવી અને પર સાથેની પ્રવૃત્તિ તોડવી તે જીવનમાં કરવાનું છે. તેને માટે શાસ્ત્રાભ્યાસ, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવવી જોઈએ. ચૈતન્યની પરિણતિ કેમ પ્રગટ થાય? શુદ્ધાત્મા તરફ લક્ષ કરી દ્રવ્યદૃષ્ટિ કેમ પ્રગટ થાય? અનુભૂતિ કેમ થાય? તે કરવા જેવું છે. તે જીવનનું ખરું કર્તવ્ય છે.

## * જ્ઞાનની અસાધારણ શક્તિ *

જ્ઞાનની અસાધારણ શક્તિ છે. પૂર્ણ વીતરાગતા જ્યાં પ્રગટ થઈ ત્યાં નિર્મળ કેવળજ્ઞાન પ્રગટ થયું. તે પર્યાય એક સમયની હો, પણ તેની શક્તિ અનંત છે. તે અનંતતામાં શું ન જણાય? તેને ભૂતકાળ–વર્તમાન કે ભવિષ્યકાળની અપેક્ષા રહેતી નથી.

વર્તમાન પર્યાયમાં ત્રણે કાળ આવી જાય છે. ત્રણેય કાળ ભિન્ન ભિન્ન નથી જોવા પડતા. ભૂતકાળમાં કે ભવિષ્યકાળમાં જઈને જોવું નથી પડતું, પણ વર્તમાનવત્ બધાને જાણી લે છે. તે પર્યાયમાં મર્યાદિત શક્તિ હોય તો તે પૂર્ણ જ્ઞાન જ નથી. કેવળજ્ઞાનની દરેક પર્યાયમાં જાણવાની પૂર્ણ શક્તિ હોય છે.

## * જિસકા જો સ્વભાવ હૈ વહી ઉસમેંસે આતા હૈ *

ગુરુદેવને આત્માકી મુક્તિકા માર્ગ બતાયા હૈ. આત્મદ્રવ્ય હૈ વહ અલૌકિક, અનુપમ હૈ, ઈસમેં જ્ઞાન-દર્શન-સુખ-આનંદ હૈ, જ્ઞાન-દર્શન આદિ સબ ઈસમેંસે આતા હૈ, બાહરસે નહીં આતા. જિસકા જો સ્વભાવ હૈ ઉસમેંસે વહ આતા હૈ. અનંતકાળમેં બાહ્યક્રિયા બહુત કી, શુભ પરિણામ ભી કિયા, મગર ઈસસે પુણ્યબંધ હોતા હૈ. આત્મામેંસે જો દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ હોતા હૈ વહ આત્માકો સુખ, આનંદ દેનેવાલા હૈ. મૂળતત્ત્વમેંસે જો પ્રગટ હોતા હૈ વહ યથાર્થ હોતા હૈ. ગુરુદેવને માર્ગ બતાયા હૈ કિ તૂ ભીતરમેં જા, ભેદજ્ઞાન કર, પહલે નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ હોતી હૈ. ઈસસે આગે બઢતે લીનતા બઢતી હૈ, ચારિત્રદશા ભીતરમેં હોતી હૈ ઔર બાહરમેં નગ્ન મુનિદશા હોતી હૈ તથા પૂર્ણ લીનતા હોનેસે કેવળજ્ઞાન હોતા હૈ. સ્વાનુભૂતિ હોતી હૈ તો ઈસ દુનિયાસે કોઈ અલગ દુનિયામેં ચલા જાતા હૈ. સમ્યગ્દષ્ટિકો નિર્વિકલ્પ સ્વાનુભૂતિ હોતી હૈ, ઔર મુનિ તો વારંવાર આત્મામેં લીનતા કરતે હૈં. ઐસા માર્ગ ગુરુદેવને બતાયા હૈ.

## * જો સિદ્ધ વહી મૈં હૂં *

ભીતરમેં આત્મતત્ત્વ પીછાનો, જ્ઞાયકકા ભેદજ્ઞાન કરો, જો સિદ્ધિ હોતી હૈ વહ ભેદજ્ઞાનસે હોતી હૈ, ઐસા શાસ્ત્રમેં આતા હૈ. ચૈતન્યતત્ત્વ હૈ ઈસકે ઉપર દષ્ટિ કરો, દ્રવ્ય ઉપર દષ્ટિ કરો, ઈસકા જ્ઞાન કરો, ઈસમેં લીનતા કરો. યહ કરનેકા હૈ. મૈં ચૈતન્ય હૂં, યે સબ મૈં નહીં હૂં,—નહીં હૂં.—ઐસી ભીતરમેંસે પરિણતિ પ્રગટ કરો. ઈસસે આત્માકા જ્ઞાન-આનંદ પ્રગટ હોતા હૈ. જીવનકા સાફલ્ય ઈસમેં હૈ. જૈસા અરિહંત ભગવાનકા દ્રવ્ય-ગુણ-પર્યાય હૈ, વૈસા મેરા દ્રવ્ય-ગુણ હૈ. મુઝે પર્યાય પ્રગટ નહીં હુઈ હૈ. મેરેમેં શક્તિરૂપ હૈ, ભગવાનમેં પ્રગટ હુઈ હૈ. ઐસે અંતરમેં જાકર અનંતશક્તિસે ભરપૂર અનુપમ આત્મતત્ત્વકી દષ્ટિ કરેં તો ચૈતન્યતત્ત્વ પ્રગટ હોતા હૈ.

## * ગુરુ પ્રત્યે અર્પણતા તે આત્માર્થીનું લક્ષણ છે *

જેને આત્માર્થતા હોય કે મારે મુક્તિ જ જોઈએ છે તે બીજી કોઈ કલ્પનામાં

પડતો નથી. મારે તો મારા આત્માનું કામ છે. સાચો માર્ગ જે જ્ઞાનીએ બતાવ્યો તે, ગમે તે કહે, મારે પ્રમાણ છે, પોતાના આત્માનું કલ્યાણ કરવા બધી રીતે જ્ઞાનીને અર્પણતા કરવી ને વર્તન કરવું. આવી મુમુક્ષુની પરિણતિ હોય છે.

જેને મોક્ષમાર્ગે જવું છે તેને અર્પણતાની પરિણતિ હોય છે, તેને સ્વચ્છંદ પરિણતિ હોતી નથી. બહારનાં કાર્યોમાં પરિણતિ પકડાય અથવા ન પકડાય; પણ પોતાની સ્વચ્છંદ પરિણતિ ન હોય. પોતાની ઈચ્છાએ વર્તવું એવું ન હોય.

જે મુનિરાજ હોય છે તેને પણ પોતાથી મોટા ગુરુ કે આચાર્ય હોય તે શું કહે છે, તેમાં અર્પણતા હોય છે. શ્રી કુંદકુંદાચાર્ય જેવા પણ કહે છે કે મને જે સ્વાનુભૂતિ થઈ છે તે સર્વજ્ઞદેવની પરંપરાથી જે મળ્યું છે, તેનાથી થઈ છે—મુનિરાજના હૃદયમાં પણ દેવ-ગુરુ અને શાસ્ત્ર હોય છે. એવી પરિણતિ તેમની હોય છે, સ્વચ્છંદ પ્રવૃત્તિ હોતી નથી.

## * વિકલ્પથી થતું નથી પણ વિકલ્પ હોય છે *

હું જ્ઞાયક છું વગેરે બધા વિચાર પણ વિકલ્પ છે. હજી નિર્વિકલ્પ થયો નથી પણ તે વિકલ્પની પાછળ પોતાની જે ભાવના છે અને પોતાની પરિણતિ જ્ઞાયક તરફ દોડે છે તે પોતાને લાભ આપે છે. વિકલ્પથી કાંઈ થતું નથી, પણ ચૈતન્ય તરફની જે પરિણતિ છે, પોતાની ભાવના છે, ચૈતન્ય તરફની પોતાની તીવ્ર જિજ્ઞાસા છે, તેનાથી લાભ થાય છે. વારંવાર જ્ઞાયક તરફ ગયા વગર ચેન ન પડે; ક્ષણે ક્ષણે તેની જ ભાવના થાય; જ્ઞાયકનું જ રટણ રહે; ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં, સ્વપ્નમાં—બધાંમાં જ્ઞાયકની લગની લાગે અર્થાત્ તે જાતની પરિણતિની દોડ થાય છે. તે લાભ આપે છે.

મુમુક્ષુઃ—આ તો વિકલ્પ છે ને ?

બહેનશ્રીઃ—વિકલ્પથી થતું નથી, પણ વિકલ્પ પાછળ પોતાની અંદરની જિજ્ઞાસા, જ્ઞાયક તરફ દોડતી પોતાની પરિણતિ લાભ આપે છે, યથાર્થ તો પછી થાય છે, પણ પહેલાં આવી ભાવના અને આવી જિજ્ઞાસા થાય છે. ઊંડી જિજ્ઞાસા ને જ્ઞાયક સ્વભાવને પકડવા તરફ પોતાની પરિણતિ જોરદાર થાય તે સ્વભાવ- સન્મુખતા છે.

## * વેદન પર્યાયનું થાય પણ તે જાણે છે દ્રવ્યને *

અનુભવ ભલે પર્યાયમાં થાય, પણ આત્મામાં અનંતા ગુણો છે તે ગુણો તેને ખ્યાલમાં આવે છે. દ્રવ્યને છોડીને પર્યાય અધ્ધર રહેતી નથી, પર્યાય દ્રવ્યની જ છે. વેદન ભલે પર્યાયનું થાય, પણ દ્રવ્ય તેમાં જણાય છે. દ્રવ્યમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ

અનંતા ગુણો છે ને પર્યાય તેને જાણે છે. દ્રવ્ય કોઈ વસ્તુ જ નથી કે સાવ શૂન્ય જ છે એવું નથી. તેમાં ગુણો ભરેલા છે. જેમ પુદ્‌ગલ વર્ણ-ગંધ-રસ-સ્પર્શરૂપે પરિણમે તે બધી તેની પર્યાય છે. કેરી ખટાશરૂપે પરિણમે, મીઠાશરૂપે પરિણમે તે બધી પુદ્‌ગલની પર્યાયો છે. પણ તેવા ગુણો કોના છે ? કેરીના-પુદ્‌ગલના છે. તેમ આત્મા જ્ઞાન-દર્શન-આનંદરૂપે પરિણમે તે બધી તેની પર્યાયો છે. પણ પરિણમનાર કોણ છે ? પોતે ચૈતન્ય વસ્તુ. ચૈતન્ય વસ્તુની તે પર્યાયો છે અને તે ચૈતન્યની પર્યાય છે એટલે તે પર્યાય પોતે દ્રવ્યને જાણી શકે છે, દ્રવ્યના ગુણોને ખ્યાલમાં લઈ શકે છે કે ગુણો આવા છે.

વેદન ભલે પર્યાયનું થાય પણ તે જાણે છે દ્રવ્યને. તથા દ્રવ્યની પોતાની પર્યાય છે, બીજાની નથી. પર્યાય કાંઈ અધ્ધર લટકતી નથી. ચૈતન્યની પર્યાય જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપે પરિણમે તે પોતાની પર્યાય દ્રવ્યથી જુદી નથી. પર્યાયનો સ્વભાવ એ રીતે જુદો છે કે પર્યાય ક્ષણિક છે ને દ્રવ્ય શાશ્વત છે. છતાં પણ પર્યાય દ્રવ્યની છે, આત્માના આધારે પરિણમે છે, નિરાધાર નથી. જો દ્રવ્યના આધારે પર્યાય પરિણમતી ન હોય તો દ્રવ્ય અને પર્યાયના બે કટકા થઈ જાય. પર્યાય તો ક્ષણિક છે, તે ચાલી જાય છે અને આત્મા શાશ્વત છે. તેમાંથી બીજી-બીજી પર્યાય આવ્યા જ કરે છે. જ્ઞાનની જ્ઞાનરૂપે, ચારિત્રની ચારિત્રરૂપે, શ્રદ્ધાની શ્રદ્ધારૂપે એમ નવી નવી પર્યાય ચૈતન્યમાંથી આવ્યા જ કરે છે. જેમ પાણીમાં મોજાં થયા કરે તેમ ચૈતન્યમાંથી ગુણોની પર્યાય આવ્યા જ કરે છે. જેમ હીરામાં ચમક થયા કરે, તે હીરામાંથી આવે છે, તેમ આત્મામાંથી નવી નવી પર્યાય આવ્યા જ કરે છે.

જે અપેક્ષાએ દ્રવ્ય-પર્યાયના ભેદની વાત આવે છે તે અપેક્ષાએ ભેદ છે પણ દ્રવ્ય-ગુણ-પર્યાયને સર્વથા ભેદ નથી. તેમને લક્ષણભેદ છે, સંખ્યાભેદ છે,—એવી રીતે ભેદ છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ જુદાં કહેવાય પણ તેમને સર્વથા જુદાં ન સમજવાં., વસ્તુના કટકા ન સમજવા.

## * અંદરમાં દૃષ્ટિ કરે તો અનંત ગુણોથી ભરેલો છે *

પોતે શાશ્વત દ્રવ્ય છે, તેમાં અનંત ગુણો છે. તેમાં જાણવાનો ગુણ છે, આનંદ ગુણ છે, અસ્તિત્વ—શાશ્વત રહે તેવો—ગુણ છે, વસ્તુત્વ ગુણ છે, ચારિત્ર ગુણ છે, વેદકતા ગુણ છે, વગેરે અનંતા ગુણ છે જે શબ્દમાં ન આવે તેવા છે પણ પોતે જાણતો નથી એટલે શૂન્ય જેવું ભાસે છે. અંતરમાં જો દૃષ્ટિ કરે તો પોતે શૂન્ય નથી; ગુણોથી ભરેલો છે. અંદરમાં વિકલ્પ તોડીને જો લીનતા કરે તો તેમાં આનંદ ભરેલો છે, જ્ઞાન ભરેલું છે, તે દેખાય.

## * જે અંદરથી ઊંડાણપૂર્વકનું હોય તે સાથે આવે જ *

પોતાની ભાવના પોતે સાથે લઈને જાય છે. પોતાની અંતરની તૈયારી હોય અર્થાત્ માત્ર કલ્પના પૂરતી નહિ, પણ અંતરની ઊંડી ભાવના હોય તે સાથે આવે છે. ચૈતન્ય તરફની પરિણતિ જે જ્ઞાયકને પકડવા તરફ જતી હતી તે ઊંડી હોય, જિજ્ઞાસા તીવ્ર હોય તો બીજા ભવમાં તે સાથે આવે છે અને તેનો પુરુષાર્થ જાગે છે, માત્ર બોલવા પૂરતું કે ધારણા પૂરતું હોય તો તે છૂટી જાય છે. જે અંદરથી ઊંડાણપૂર્વકનું હોય તે તો સાથે આવે જ છે.

## * દ્રવ્યદૃષ્ટિ એ એક જ અનુભૂતિનો માર્ગ છે *

માર્ગ એક જ છે. જ્ઞાયકને ઓળખ, જ્ઞાયક તરફ જા, ભેદજ્ઞાન કર, દ્રવ્યદૃષ્ટિ કર. બસ! આ એક જ અનુભૂતિનો માર્ગ છે. ગુરુદેવે આ જ માર્ગ બતાવ્યો છે. જેવા અરિહંત ભગવાનનાં દ્રવ્ય-ગુણ-પર્યાય છે તેવા જ તારાં છે. તારે શક્તિરૂપે છે, ભગવાને તે વ્યક્ત કર્યા છે. તે સ્વભાવને ઓળખ. દ્રવ્ય તો અનાદિ-અનંત જેવું ભગવાનનું છે તેવું તારું છે, શુદ્ધતાથી ભરેલું છે પણ તને તેનું ભાન નથી. તું તેનું જ્ઞાન કર, તે તરફની પરિણતિ કર, વિચાર કર, ચિંતવન કર, તે તને સાધન થશે.

હું પરદ્રવ્યનું કરી શકું છું, પરપદાર્થ મારામાં કરી દે છે એવી તને પર સાથેની જે એકત્વબુદ્ધિ થઈ રહી છે, તેને તોડ. તું તો જ્ઞાયક છો, જ્ઞાતા છો. તારી દૃષ્ટિ ફેરવી નાખ, ચૈતન્ય તરફ લગાવી દે. તેના માટે વારંવાર ઊંડો અભ્યાસ કર. તે એક જ માર્ગ છે.

## * સંકલ્પ-વિકલ્પ પણ પોતાનું સ્વરૂપ નથી *

શરીર તો સ્વતંત્ર દ્રવ્ય છે. ગુરુદેવ ફરમાવે છે કે આત્મા જુદો છે અને શરીર જુદું છે. બંને દ્રવ્ય જુદાં-જુદાં અને સ્વતંત્ર છે. શરીર શરીરનું કામ કરે છે, આત્મા પોતાનું કામ કરે છે. સંકલ્પ-વિકલ્પ જે થાય છે તે પણ પોતાનું સ્વરૂપ નથી, તો શરીર ક્યાં પોતાનું હતું? તે તો પરદ્રવ્ય છે. શરીરના અને આત્માના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા છે. આત્મા સ્વતંત્ર પદાર્થ છે, તેની ભાવના આત્મામાં કરી શકાય છે. હું જ્ઞાયક છું, શાશ્વત છું, અનંત સુખથી ભરેલો છું એવી તેની ભાવના કરવી, તેના વિચાર કરવા, આત્માનું સ્મરણ કરવું. તેના માટે તે જાતનું ચિંતવન–વાંચન કરવું.

મુમુક્ષુઃ—શારીરિક તકલીફ–આંખની તકલીફ–છે તે કારણે વાંચન ન થઈ શકે તો શું કરવું?

બહેનશ્રીઃ—ગુરુદેવે જે મંત્રો આપ્યા છે તે યાદ કરવા. બસ, આત્માનું કલ્યાણ કેમ થાય તેની ભાવના કરવી. આત્મા આનંદથી ભરેલો છે. આંખની તકલીફના લીધે વાંચન ન થાય તો ખેદ ન કરવો. ખેદ થઈ જાય તો મનને ફેરવી નાંખવું. શરીર છે તો તેમાં અનેક જાતના ઉદય આવ્યા કરે અને જાય. આ એક ધર્મ ગુરુદેવે બતાવ્યો છે તે પ્રાપ્ત થયો તે મહાભાગ્યની વાત છે.

### * જ્ઞાયકના અભ્યાસ માટે સમય કાઢવો *

અનાદિનો અભ્યાસ છે એટલે બીજા વિચારો આવી જાય છે. તેને પ્રયત્ન કરીને ફેરવી નાંખવા. ભૂલી જવાય તો ફરીને યાદ કરવું. આખા દિવસમાં મને કેટલીવાર આત્મહિતના વિચારો આવે છે તે યાદ કરવું. જ્ઞાયકના વિચાર કરવા. આત્માર્થીએ અમુક ટાઈમ પોતાના સ્વહિતના વિચાર, ચિંતવન માટે લેવો તેવો નિયમ રાખવો. આખા દિવસમાં જ્ઞાયકના ચિંતવન, અભ્યાસ માટે સમય મેળવવો, આત્મા યાદ ન આવે તો તેના માટે પ્રયત્ન કરવો. બહારનાં કાર્યો કરવા માટે કેટલોય પ્રયત્ન કરે છે ને ?

### * જ્ઞાયક સહજ જ્ઞાનસ્વભાવથી ભરેલો છે *

અનાદિકાળનો અભ્યાસ છે તેથી વિભાવનું કાર્ય તેને સહેલું થઈ ગયું છે. અંતરમાં ગયો નથી. તેથી અંતરનું કાર્ય કરવું તે અઘરું લાગે છે. કરવાનું તો તેને પોતાને છે. પોતે જ છે, બીજો કોઈ કરી દેવાનો નથી. બહારના પદાર્થ છે, તેને પોતાના કરવા તે કાર્ય દુષ્કર છે. પરદ્રવ્ય કદી પોતાનું થતું નથી. અનાદિકાળથી જીવ તેને માટે મથામણ કરે છે, ફાંફાં મારે છે; પણ તેમાંથી કંઈ મળતું નથી.

અનાદિકાળથી બહારનો અભ્યાસ છે તેથી અઘરું લાગે છે; પણ ખરેખર અઘરું નથી. પોતાનો સ્વભાવ છે તેથી અંતરમાં જાય તો સહેલું છે. પરંતુ તેને પહેલાં અંતરમાં જવું જ મુશ્કેલ પડે છે. અંતરમાં જાય, સ્વભાવને ઓળખે, તો ચૈતન્ય પોતે જ છે અને તે જ્ઞાયક સહજ જ્ઞાનસ્વભાવથી ભરેલો છે. ક્યાંય બહાર લેવા જવું પડે તેમ નથી. જ્ઞાન સહજ, આનંદ સહજ, બધું સહજ છે. તેમાં તદ્રૂપ થાય, દૃષ્ટિ કરે, તદ્રૂપ પરિણમે તો પ્રગટ થાય છે.

બહારથી પર પદાર્થને પોતાના કરવા માંગે છે તેથી પોતામાં જવું મુશ્કેલ થઈ પડ્યું છે. અંતરમાં ઊતરે, સ્વભાવ ઓળખે તો એકદમ સહેલું છે. અંતરમાં જાય તો માર્ગ સહજ છે. પ્રથમ ભૂમિકા વિકટ હોય છે; પછી અંતરમાં જાય, દૃષ્ટિ કરે, તદ્રૂપ પરિણમે પછી તો સરળતાથી તે માર્ગે ચાલ્યો જાય છે. પણ તે પુરુષાર્થ કરતો નથી.

## ✻ પોતામાં ભરેલું છે તે જ પ્રગટ થાય છે ✻

વસ્તુની પ્રાપ્તિ માટે જો તે બહાર હોય તો બહાર જવું પડે, કોઈની પરાધીનતા કે લાચારી કરવી પડે. પણ તેવું કંઈ કરવું પડે તેમ નથી. પોતે સ્વાધીન છે. પોતે જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંત અનંત શક્તિથી ભરેલો છે, અધૂરો નથી. તે પ્રાપ્ત કરવામાં પોતાની સ્વાધીનતા છે. પહેલાંથી જ મુશ્કેલ પડે છે તેમ માનીને કરતો નથી. બહાર લેવા જવું પડે તેમ નથી. પોતામાં ભરેલું છે, તે જ પ્રગટ થાય છે. માર્ગ તો ગુરુદેવે એકદમ સ્પષ્ટ બતાવ્યો છે. કરવાનું પોતાને છે.

## ✻ માર્ગ પોતે જ શોધવાનો છે ✻

રસ્તો પોતાને જ કાઢવાનો છે. માર્ગ શોધનારો પોતે જ છે. જિનેન્દ્ર ભગવાન, ગુરુ બધા માર્ગ બતાવે પણ તૈયારી તો પોતાને કરવાની છે. બહારથી મળતું હોય તો તેને શીખ્યા કરે, ભણ્યા કરે, ગોખ્યા કરે; પરંતુ આ તો અંતરમાં કરવાનું છે.

તેની પાછળ પડી જાય, ભેદજ્ઞાન કર્યા કરે, વારંવાર તેની દૃષ્ટિ કરે, વારંવાર તેની લગની લગાડે તો થયા વગર રહે નહિ. તેની ખરી લગની લગાડવી જોઈએ તો થાય. આખી દિશા ફેરવી નાંખવાની છે.

## ✻ નિશ્ચય-વ્યવહારની સંધિ કરીને સમજી લેવું ✻

જ્ઞાની જે અપેક્ષાથી જે વાત કહેતા હોય તે પ્રમાણે ગ્રહણ કરવી. કોઈ વાત બાદ કરી દેવી–છોડી દેવી એમ નહિ, તેની અપેક્ષા સમજવી. વ્યવહારની વાત કહે તો કઈ અપેક્ષાથી કહે છે, નિશ્ચયની વાત કઈ અપેક્ષાથી કહે છે તે સમજી લેવું. કોઈ કથન દ્રવ્યદૃષ્ટિથી હોય, કોઈ કથન પર્યાયદૃષ્ટિથી હોય, તો તે બંનેની સંધિ કરીને મહાપુરુષ કઈ રીતે કહે છે તે સમજી લેવું.

બંને સમર્થ આચાર્ય હોય એમાંથી કોઈ આચાર્ય નિશ્ચયની વાત કહેતા હોય, કોઈ આચાર્ય વ્યવહારની વાત કરતા હોય તો તે બંનેનો મૈત્રી-મેળ કેમ કરવો તે સમજી લેવું. એક આચાર્યદેવે શાસ્ત્રના એક અધિકારમાં નિશ્ચયની વાત કરી હોય, તે જ આચાર્યદેવે બીજા અધિકારમાં વ્યવહારની વાત કરી હોય, તો તે બંનેમાં મેળ કરવો જોઈએ કે આ અધિકારમાં આચાર્યદેવે કઈ અપેક્ષાએ કહ્યું છે. વ્યવહારના અધિકારમાં શું કહેવાનો આશય છે તે સમજવું જોઈએ. કોઈ વાત કાઢી નાંખવાની હોય તે વાત તો આચાર્યદેવ કરે જ નહિ. જે વસ્તુસ્વરૂપ હોય તેનું જ કથન કરે, વસ્તુસ્વરૂપ ન હોય, તથા મુક્તિના માર્ગમાં જે લાગુ ન પડે તેવી અઘટિત વાત જ્ઞાનીઓ કહેતા જ નથી.

મુમુક્ષુઃ—જ્ઞાનીની કોઈ વાત અઘટિત હોય જ નહિ ?

બહેનશ્રીઃ—જ્ઞાનીઓ અઘટિત વાત કહેતા જ નથી. મુક્તિના માર્ગને યોગ્ય ન હોય તેવી વાત કહેતા જ નથી. ગુરુદેવ કહેતા હોય તે બધું સમજીને જ કહેતા હોય. કોઈ નિષ્પ્રયોજન વાત હોય જ નહિ. એક પણ વાત નકામી ન હોય. મુક્તિના માર્ગમાં દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે. વ્યવહાર સાથે હોય છે. સાધનામાં વચ્ચે વ્યવહાર હોય છે પણ સાધકની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. તેમાં પર્યાય વચ્ચે આવ્યા વગર રહેતી નથી.

જ્ઞાની કોઈવાર દ્રવ્યની વાત કરે તો કોઈવાર પર્યાયની વાત પણ કરે પણ જ્યાં જ્યાં યથાયોગ્ય હોય તે રીતે ગ્રહણ કરી લેવું. કોઈ વાત છોડી દેવાની કે કાઢી નાંખવાની હોતી નથી. આચાર્યદેવ કહે છે કે અમે એક શુદ્ધનય સ્થાપિત કરીને તેનાથી (શુદ્ધનયથી) આત્માની અનુભૂતિ પ્રગટ કરી છે તેમાં વચ્ચે વ્યવહાર આવી જાય છે. અરેરે....! ....વ્યવહારનય હસ્તાવલંબન તુલ્ય છે તેથી વચ્ચે આવી જાય છે, આવ્યા વગર રહેતો નથી, પણ તે જાણવા જેવો છે. સ્વાનુભૂતિની વાતમાં વચ્ચે વ્યવહારનય આવે છે પણ વ્યવહારને કેટલું વજન દેવું અને દ્રવ્યદૃષ્ટિને કેટલું વજન દેવું તે સમજી લેવું. બન્નેની કઈ કઈ કોટી છે તે જાણી લેવું. અનાદિનો માર્ગ અજાણ્યો છે. દ્રવ્યદૃષ્ટિ જીવે પ્રગટ કરી નથી તેથી દ્રવ્યદૃષ્ટિ મુખ્ય હોય છે પણ સાધકદશામાં વ્યવહાર વચ્ચે આવે છે. કોઈ પ્રયોજનવશ કોઈવાર આચાર્યદેવે વ્યવહારની વાત કરી હોય તો તે કાઢી નાંખવાની નથી. સાધ્ય-સાધકભાવના ભેદથી એક સાધ્યને ગ્રહણ કરવાનું છે. એક આત્માને ગ્રહણ કરતાં તેમાં વચ્ચે જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદ આવ્યા વગર રહેતા નથી. આ જ્ઞાન છે, આ દર્શન, આ ચારિત્ર એવા ભેદ-વિકલ્પ આવે છે પણ તે ભેદના વિકલ્પમાં રોકાવાનું નથી. તું જ્ઞાયકની દૃષ્ટિ કર. તેમાં વચ્ચે સાધ્ય-સાધકભાવના ભેદ આવે છે.

દ્રવ્યથી પૂર્ણ છું પણ પર્યાયમાં અધૂરાશ છે માટે વચ્ચે વ્યવહાર આવ્યા વગર રહેતો નથી. જે પરમભાવને પહોંચી ગયા, તેને વ્યવહારનું કાંઈ પ્રયોજન નથી. સમયસારમાં આવે છે ને કે સોળવલું સોનું થઈ ગયા પછી તેને તાપ દેવાની જરૂર નથી. પણ જે સાધકદશામાં છે તેને વ્યવહાર વચ્ચે આવે છે તે વ્યવહાર જાણવા યોગ્ય છે. તે આદરવા યોગ્ય કે રાખવા જેવો છે તેવો અર્થ નથી.

## ❋ ભક્તિ ન હોય તો જ્ઞાન લૂખું થઈ જાય ❋

સાચી સમજણ તરફ વળે ત્યારે સાથે ભક્તિ આવ્યા વગર રહેતી નથી. યથાર્થ તત્ત્વનિર્ણય કરવાની રુચિ જાગી તેને ભેગી ભક્તિ આવી જાય છે. પણ અનાદિકાળથી

જીવ શુષ્કતામાં ચાલ્યો જાય છે. શ્રીમદ્જી તથા અન્ય બધા જ્ઞાનીઓ એમ કહે છે કે તત્ત્વનિર્ણયપૂર્વક ભક્તિ કરજે તે ભક્તિમાર્ગ છે. તત્ત્વવિચાર તરફ પરિણતિ રાખીને ભક્તિ કરજે આમ ભક્તિમાર્ગમાં કહેવું છે.

જ્ઞાનમાર્ગમાં જીવો ઘણીવાર શુષ્ક થઈ જાય છે એટલે ભક્તિમાર્ગ સાથે બતાવ્યો છે. પણ અંદર પરિણતિમાં જ્ઞાન મુખ્ય છે. તેમાં ભક્તિ ભેગી હોય, ભક્તિ ન હોય તો જ્ઞાન લૂખું થઈ જાય છે.

આત્મા પોતે મહિમાવંત છે. તેની મહિમા કરજે, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરજે, મહિમા વગર તારા વિચારો વિગેરે બધું લૂખું થઈ જશે. જો તને મહિમા નહિ આવે તો માત્ર તું જ્ઞાનની વાતો કર્યા કરીશ પણ અંદર લૂખાશ થઈ જશે. મહિમા સાથે હશે તો અંદર તને એમ થશે કે અહો ! આત્મા આવો ચમત્કારી છે. અહો ! આ આત્માની સાધના દેવ-ગુરુ કરી રહ્યા છે. એવું અંદરથી તને આશ્ચર્ય લાગવું જોઈએ, તો તારા તત્ત્વના વિચારો પણ યથાર્થ રીતે ચાલશે. ભક્તિમાર્ગમાં આમ કહેવું છે.

જ્ઞાન એકલું લૂખું ન હોવું જોઈએ, સાથે ભક્તિ-વિરક્તિ, તત્ત્વવિચાર બધું હોવું જોઈએ. તે બધું હોય તો મુમુક્ષુ મર્યાદા બહાર જતો નથી. અમુક જાતના પરિણામો આવે તો પણ મર્યાદાથી બહાર ન જાય. લૂખું હોય તો મર્યાદા બહાર પરિણામ જાય છે. આ ચૈતન્ય આવો મહિમાવંત છે, વિભાવમાં રોકાવા જેવું નથી તેમ ભાવના આવે છે. દેવ-ગુરુ કેવું કરી રહ્યા છે, એમ મહિમા કરીને પણ પરિણતિને આત્મા તરફ વધારે વાળે છે—નહિ તો લૂખું થઈ જાય અને મર્યાદા બહાર ચાલ્યો જાય.

## * પુરુષાર્થીની ખામીને લઈને થતું નથી *

ધીરજથી કરવાનું છે. ન થાય તો મૂંઝાવું નહિ. જ્ઞાયકની ભાવના, જ્ઞાયકનું વારંવાર રટણ, ને જ્ઞાયકના વિચાર કરવા પણ મૂંઝાવું નહિ. તેમાં ઉતાવળ કરીને કાંઈ બીજું કરવાનો અર્થ નથી. અનાદિનો એકત્વનો અભ્યાસ છે એટલે અઘરું લાગે છે પણ સ્વભાવ તો પોતાનો જ છે તેથી અઘરું નથી, એકત્વબુદ્ધિને લઈને અઘરું થઈ પડ્યું છે. પોતાનો સ્વભાવ સમીપ છે. બહાર ગોતવા જવું પડે તેમ નથી. પરાધીન નથી. કોઈ આપે તો થાય એવું પણ નથી. પોતાની આગળ છે પણ પોતાના પુરુષાર્થની ખામીને લઈને થતું નથી. દૃષ્ટિ એટલી બધી બહાર થઈ ગઈ છે કે અંતરમાં જઈ શકતો નથી અને સ્થૂલતામાં ચાલ્યો જાય છે.

*　　*　　*

# જેણે ચૈતન્યરત્ન પ્રાપ્ત કરી લીધું તેને વિષયોરૂપી કાચના કટકાનું શું પ્રયોજન !

(પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૨૩)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૭૮ ગાથામાં યોગીન્દ્રદેવ આગળની વાતને દેઢ કરવા દ્રષ્ટાંત આપે છે.

अप्पा मिल्लिवि णाणमउ चित्ति ण लग्गि अण्णु ।
मरगउ जें परियाणियउ तहुँ कच्चें कउ गण्णु ॥७८॥

અર્થ :—જ્ઞાનીઓના મનમાં જ્ઞાનમય આત્મા સિવાય અન્ય કાંઈ સારું લાગતું નથી, જેમ જેને મરકતમણિ મળી ગયું હોય તેને કાચના કટકાથી શું પ્રયોજન હોય !

'જ્ઞાનમય આત્મા' એટલે એકલો જ્ઞાનવાળો જ નહિ પણ આત્મા કેવળજ્ઞાનાદિ અનંત ગુણમય છે. એકલું જ્ઞાન...જ્ઞાન કરે અને તેને જ આત્મા માને છે તેણે આત્માનું સ્વરૂપ જાણ્યું નથી. આત્મામાં કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળસુખ આદિ અનંતગુણ છે. અહીં કેવળ શબ્દનો અર્થ 'એકલું' સમજવો. રાગરહિત એકલું જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ જીવના અનંત સ્વભાવો છે. આત્માની અસ્તિ રાગ રહિત અને કેવળજ્ઞાનાદિ અનંતગુણ સહિત છે એમ પરીક્ષા કરીને નક્કી કરવું જોઈએ.

સર્વજ્ઞ પરમાત્માએ એક એક આત્માને જેવા જ્ઞાનસ્વરૂપ જાણ્યો છે એવો જ પોતાનો આત્મા છે એમ જેણે અંતરમાં પરીક્ષા પૂર્વક અનુભવ દૃષ્ટિ કરી છે તેણે આત્માને જાણ્યો છે. તેમાં નિર્ણય અને અનુભવ છે તે પર્યાય છે, જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણો છે તે ધ્રુવ છે તથા આ ગુણોનું એકરૂપ તે આત્મદ્રવ્ય વસ્તુ છે; આમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય આવી ગયાં. અહીં તો સર્વજ્ઞ પહેલાં છે, 'સર્વજ્ઞ' સિવાય કોઈ વાત કરે તે સાચી ન હોય. સર્વજ્ઞે જેવો આત્મા કહ્યો છે—કેવો ?—કે દ્રવ્ય, ગુણ અને પર્યાયથી પરિપૂર્ણ આત્મા કહ્યો છે તેવો જ જેણે પોતાના અંતરમાં પરીક્ષા કરીને નક્કી કર્યો છે અને અનુભવમાં લીધો છે તેણે ત્માને જાણ્યો છે, તેને આત્મા સિવાય બીજું કાંઈ જ સારું લાગતું નથી.

આત્મા જ્ઞાનાદિ બેહદ ગુણોથી સહિત અને વિકલ્પથી રહિત છે. માત્ર વિકલ્પથી રહિતપણાની વાત કરે છે તેણે તો એકલી નાસ્તિ જ પકડી છે—એમ નહિ. જ્ઞાનમય

સ્વભાવની અસ્તિપૂર્વક વિકલ્પની નાસ્તિ સમજે છે તેને આત્મા સિવાય બીજું કાંઈ રુચતું નથી. આત્મા જેવી કોઈ ચીજ તેને લાગતી નથી. તેને વિષયવાસનાની વૃત્તિ આવે છે પણ રુચતી નથી. અતીન્દ્રિય આત્માનો અનુભવ કર્યો છે તેથી તેને મૂકીને બીજાને લક્ષમાં લઈને રુચિ થાય એવું જ્ઞાનીને બનતું નથી. न प्रतिभाति એટલે આત્મા જેવી કોઈ વસ્તુ સારી લાગતી નથી, તેથી તેનો પ્રેમ થતો નથી.

આ માટે દ્રષ્ટાંત એ છે કે જગતમાં તો મરકતમણિ એટલે ઊંચું લાલ માણેક પણ છે અને કાચના કટકા પણ છે; પણ જેણે પરીક્ષા કરીને લાલ માણેકને ઓળખી લીધું છે તેને કાચના કટકા સારાં લાગતાં નથી. કોઈવાર લીંબુમાં ઠળિયાની જગ્યાએ માણેક પાકે છે, એવું એક વીશ હજારનું માણેક અમને કોઈએ બતાવ્યું હતું. શાસ્ત્રમાં પ્રવચનસારમાં પણ (૪૭ નયમાં) પાઠ છે કે લીંબુમાં બીની જગ્યાએ માણેક પાકે છે એવું મરકતમણિ જેણે પરીક્ષા કરીને જાણ્યું અને લીધું તેને કાચના કટકાનું શું પ્રયોજન હોય! તેને કાચની કાંઈ કિંમત ન હોય. તેમ, ધર્મીજીવે ચોથા ગુણસ્થાને પોતાના આત્માને અનંત ગુણ સહિત અને શરીર, કર્મ, રાગાદિથી રહિત જાણી લીધો, અનુભવી લીધો તેને વિષયોની રુચિ થતી નથી. વિષયો તો તેના માટે કાચના કટકા સમાન છે. છ ખંડના રાજ્ય પણ તેને ઝેર જેવા લાગે છે.

મૈસૂરમાં મહેલ જોવા ગયા હતાં તે ત્રણ કરોડનો મહેલ હતો તેના લાકડાંના દરવાજા પણ એવા હોય કે જોઈને એમ થાય કે બંગલો તો કેવો હશે! આવા મહેલનો રાગ પણ જ્ઞાનીને સ્મશાન જેવો લાગે છે. આત્માના આનંદની ખુમારી ચડી છે તેને મહેલ તો જ્ઞેય છે પણ તેના પ્રત્યે રાગ થાય એ ઝેર જેવો લાગે છે. પોતાને મળેલી વસ્તુ સારી લાગતી નથી તેમ બીજાને પણ એ બાહ્ય વસ્તુથી મોટો માનતો નથી. કરોડોની સામગ્રીથી તેને એ સુખી માનતો નથી. કરોડોની સંપત્તિ હોય, મોટી આબરૂ હોય, બહોળો પરિવાર હોય તેનાથી એ તેને સુખી માનતો નથી. અરે! આ કેટલો રાગની એકતામાં રોકાયો છે! મહા ઝેરને પીએ છે! એમ જ્ઞાની જુએ છે. મોટા ભણતર ભણેલાં હોય પણ તેથી શું!

ધર્મીને અતીન્દ્રિય આનંદની પ્રીતિ પાસે બીજે ક્યાંય મન ચોંટતું નથી. બીજા જીવોને પણ એ દૃષ્ટિથી જ જુએ છે કે અરે આ જીવ વૈભવને જોઈને જેટલો રાગ કરે છે એટલો દુઃખી છે.

આ આત્મા જ એવો મહાન છે કે ભૂતકાળમાં જે અનંત તીર્થંકરો થયા, ભવિષ્યે અનંત થશે, વર્તમાનમાં બિરાજે છે એ સૌ આ આત્માના આશ્રયે થયા છે. તેની વાણીમાં

આત્માનું સ્વરૂપ જેવું આવ્યું છે તેવું પરીક્ષા કરીને માને છે તે તો બરાબર છે પણ પરીક્ષા વિના માને છે તેણે આત્માને માન્યો નથી. કેમ કે કોઈપણ ચીજને કસોટીએ ચડાવીને નિર્ણય કર્યો ન હોય તે નિર્ણય સાચો હોતો જ નથી. પરીક્ષા વિના વસ્તુનું સાચું જ્ઞાન થતું નથી. સંપ્રદાયમાં પણ શાસ્ત્રમાં આ વાત આવે છે કે જેણે તત્ત્વને પરીક્ષા કરીને જોયું, જાણ્યું, અનુભવ્યું નથી તેને કોઈ રીતે સંદેહ ટળતો નથી અને સિદ્ધિ થતી નથી.

બજારમાં કોઈપણ વસ્તુ લેવા જાવ ત્યાં પરીક્ષા કરો છો ને! શાક લ્યો કે અનાજ લ્યો કે કાપડ લ્યો કોઈપણ ચીજ પરીક્ષા વગર લેતાં નથી. તેમ જેણે પોતાના આત્માને પરીક્ષા કરીને જાણ્યો છે તેને જગતના કોઈ વિષયભોગ રુચતાં નથી. આત્મા જેવું કોઈ ભાસતું નથી. જગતના પદાર્થોનું જ્ઞાન તો કરે છે પણ પદાર્થ આત્મા જેવો (મહિમાવંત) લાગતો નથી.

જેનો જેને પ્રેમ હોય તેમાં તેને શંકા પડતી નથી. શું પરણીને આવે ત્યારે વરને શંકા હોય કે કન્યા મને મારી નાંખશે તો? કન્યાને પણ શંકા ન હોય કે ધણી મને મારી નાંખશે કેમ કે અંદરથી પ્રીતિ છે. તેમ જેણે પોતાના આત્માને પરીક્ષા કરીને જાણ્યો હોય તેને પોતામાં શંકા ન હોય. પોતાની પ્રીતિ છે, રુચિ છે, ભાન છે ત્યાં શંકા કેવી! ત્રણકાળ ત્રણલોકમાં મારો આત્મા જેવો ભગવાને કહ્યો છે તેવો જ છે એમ મેં જાણ્યો છે, દૃષ્ટિમાં લીધો છે અને અનુભવ કર્યો છે તેથી કોઈપણ ભોગો કે હીરા માણેકના ઢગલાં આદિ કોઈપણ ચીજ અમને ખેંચી જાય–લાગણી કરાવે એમ બનવું અશક્ય છે. તેમ દુનિયામાં એવી કોઈ પ્રતિકૂળ ચીજ નથી કે જે અમને ખેંચીને દ્વેષ કરાવે અને અમે ઓગળી જઈએ.

જેણે ચૈતન્યરત્ન પ્રાપ્ત કરી લીધું તેને કાચના ટૂકડાં સમાન અન્ય વિષયોનું શું પ્રયોજન હોય! તેને અન્યમતીએ કહેલાં ધર્મ અને તર્કમાં પણ કોઈ મૂલ્ય ભાસતું નથી અને વિષય-વાસનાની વૃત્તિ પણ તેને રુચતી નથી. આત્મા જેવું કાંઈ ભાસતું નથી તેથી તેને પરનો પ્રેમ અને રુચિ થતાં નથી. કોઈ પદાર્થની વાંછાં રહેતી નથી. અનંત આનંદ અને જ્ઞાનના ખજાના પાસે કઈ ચીજ તેને અધિકપણે ભાસે કે જેનો પ્રેમ થાય! ચૌદ બ્રહ્માંડમાં કોઈ ચીજમાં તેનું મન લાગતું નથી કેમ કે ચૌદ બ્રહ્માંડમાં એવો કોઈ પદાર્થ નથી કે જે આત્માની હોડમાં આવે (આત્માની સરખામણીમાં આવે)! તેથી જ ધર્મીને કોઈ પદાર્થની વાંછા રહેતી નથી.

દ્રવ્યસ્વભાવ જેવો છે તેવો નિઃશંકપણે ભાસ્યો તેને અન્ય પદાર્થની કાંક્ષા રહેતી નથી. અસ્તિપણે પોતાનો સ્વભાવ જ્ઞાનમાં ભાસ્યો તેને પોતાના સ્વભાવમાં સર્વ અન્ય

પદાર્થોની નાસ્તિ છે એમ પણ સાથે ભાસ્યું છે, તેથી કોઈ પદાર્થોમાં કાંક્ષા થતી નથી. ચારિત્રમોહના ઉદયવશ જે ઇચ્છા હોય છે તેની ગૌણતા છે.

જુઓ આ સમ્યગ્દર્શનની મહિમા! અરે! જેને પરમાત્માનો પ્રેમ થયો તેને જગતમાં બીજા ક્યાં પદાર્થનો પ્રેમ થાય! તીર્થંકરપદનું સમવસરણ આદિ પણ તેને લલચાવી શકે નહિ. સ્વર્ગમાંથી ઇન્દ્રો અને ઇન્દ્રાણીના ટોળા ઉતરે તે પણ ભગવાનના આત્માને લલચાવી શકતાં નથી.

તું દેવાધિદેવ છો ને પ્રભુ! તને કેમ પરપદાર્થની કિંમત લાગે છે! જૈન થઈને તને કુદેવાદિની મહિમા કેમ આવે છે! જૈન કોઈ સંપ્રદાય નથી. અનંતગુણના પિંડ ભગવાન આત્માનો આશ્રય લઈને વિકારને જીતે તેને જૈન કહેવામાં આવે છે. આવા જૈનને દુનિયામાં કોઈ લલચાવી શકતું નથી. સંવત ૧૯૬૮માં ભાવનગરમાં અમે એક 'ધ્રુવ'નું નાટક જોયું હતું. ઉપરથી પડદો ફાડીને બે અપ્સરાઓ ઉતરીને, 'ધ્રુવ' બેઠો હતો તેને ખૂબ લલચાવે છે. ધ્રુવ! ઊંચું તો જો! ઊંચું તો જો! બહુ કહે છે ત્યારે ધ્રુવ કહે છે, 'શું કહું માતા! મારે જો બીજો અવતાર હશે તો તારે કૂંખે અવતરીશ. બીજી વાત મારે સ્વપ્નમાં પણ હરામ છે.' આ તો સાધારણ નાટકની વાત છે પણ મુનિ ધ્યાનમાં હોય અને દેવીઓ આવીને ચળાવવા પ્રયત્ન કરે અને કહે કે તમે તો એવા દેખાઓ છો કે મરીને ઊંચા દેવલોકમાં જશો કે જ્યાં દેવી જ ન હોય માટે, એવું નિદાન કરો કે જેથી અમારાં બીજા દેવલોકમાં જન્મ થાય તો આપણે સાથે રહીએ. ઘણું વિનવે પણ મુનિરાજ ધ્યાનથી ચ્યુત ન થાય.

રામચંદ્રજી જ્યારે ધ્યાનમાં હતાં, અંતરમુહૂર્ત પછી તો કેવળ પામવાના હતાં, એ વખતે સીતાજીનો જીવ જે બારમા સ્વર્ગમાં પ્રતીન્દ્ર છે તે ચારિત્રમોહવશ આવીને રામચંદ્રમુનિને વિનવે છે કે રામ! જરાં વૃત્તિ ફેરવો અને ચાલો મારી સાથે, આપણે સાથે રહીએ. સીતાજી પણ સમ્યગ્દૃષ્ટિ હતાં તેથી તેને એકત્વબુદ્ધિ તો નથી છતાં જુઓને! ચારિત્રનો દોષ શું કરે છે! અંદરમાં પરથી એકત્વ અને મીઠાશ નથી છતાં ચારિત્રમોહ આવી ગયો તેથી રામને ઘણું કહે છે પણ રામ સામે પણ જોતાં નથી, ધ્યાનમાં લીન છે. ક્ષપકશ્રેણી ચડી, કેવળજ્ઞાન પામી અને મોક્ષમાં જાય છે. આત્મારામમાં રમણતા પૂરી કરીને રામ સિદ્ધ થઈ જાય છે, રામ મુક્તિ પામે છે.

જેના માટે રામે કોલાહલ મચાવ્યો હતો. જંગલમાં વૃક્ષોને અને પર્વતને પૂછતાં હતાં કે અરે! મારી સીતાને કોઈ બતાવો, એના પગના નૂપુરનો અવાજ કોઈ જુદો હતો, તે કોઈએ સાંભળ્યો હોય તો કહો. એની ચાલ હાથણી જેવી હતી એમ કરીને

યાદ કરતાં હતાં તે જ રામ અત્યારે સામે પણ જોતાં નથી! સીતાની અગ્નિપરીક્ષા કર્યા પછી રામ સીતાને બોલાવે છે કે હવે તમે રાજ્યમાં પાછા આવો, હું તમને પટરાણી બનાવીશ... ત્યારે સીતાજી કહે છે કે હવે સંસારથી બસ થાઓ! અમારું સતીત્વ તમારાં જ્ઞાનમાં હતું છતાં રાજ્યના રાગે પુરુષોત્તમ પુરુષને આવું કરાવ્યું? સંસારને હદ છે! એ જ સીતાજી જ્યારે રામ પાસે મુનિદશામાં આવે છે ત્યારે રામ સામું પણ જોતાં નથી! કલ્પનાતીત ભગવાન આત્માના ભાન પછી પણ આવી કલ્પના હોય છે પણ તેની ભાવના નથી. અહાહા! આનો મેળ સમજવો જોઈએ. ધર્મીનું ચિત્ત આત્મા સિવાય ક્યાંય ચોટતું નથી તેનું નામ 'આત્મદર્શન' છે.

હવે ૭૯ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જે જીવ કર્મફળને ભોગવતો થકો રાગ-દ્વેષ કરે છે તે કર્મો બાંધે છે.

भुंजंतु वि णिय-कम्म-फलु मोहइँ जो जि करेइ ।
भाउ असंदरु सुंदरु वि सो पर कम्मु जणेइ ॥७६॥

અર્થ :—જે પોતાના કર્મફલને ભોગવતાં, મોહથી સુંદર-અસુંદર શુભાશુભભાવ જ કરે છે, તે માત્ર કર્મનો જ બંધ કરે છે.

જે જીવ થઈને જીવે છે—જીવપણે જીવી રહ્યો છે એ જીવે પૂર્વે અજ્ઞાનપણે જે કર્મો બાંધ્યા હતાં તેને વર્તમાનમાં તે કર્મનો ઉદય આવતાં ભલાં-બૂરા ભાવ થાય છે તે કરીને નવા કર્મને બાંધે છે. જે કર્મના ઉદયમાં ભલાં-બૂરા ભાવ કરતાં નથી તે ફરીને નવા કર્મથી બંધાતા નથી એમ આમાં સાર કાઢવો છે.

ટીકા :—વીતરાગ પરમ આહ્‌લાદરૂપ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત જે અશુદ્ધ રાગાદિક વિભાવ—તેનાથી ઉપાર્જિત કરેલાં શુભ-અશુભ કર્મના ફળને ભોગવતો અજ્ઞાનીજીવ મોહના ઉદયથી હર્ષ-વિષાદભાવ કરે છે તેથી નવા કર્મોનો બંધ થાય છે. સારાંશ એ છે કે નિજસ્વભાવથી ચ્યુત થયો થકો ઉદયમાં આવેલાં કર્મના ફળમાં જે રાગ-દ્વેષ કરે છે તે કર્મોને બાંધે છે. ૮૦મી ગાથામાં આવશે કે જે જીવ ઉદયપ્રાપ્ત કર્મોમાં રાગ-દ્વેષ કરતાં નથી તે કર્મોથી બંધાતા નથી.

ભગવાન આત્મા વીતરાગ પરમાનંદરૂપ-આહ્‌લાદરૂપ શુદ્ધાત્મા છે—આ 'આત્મા'ની વ્યાખ્યા છે અને તેનો અનુભવ કરવો એ જ તેનું સ્વરૂપ છે. આવા આત્માને અનુસરીને અનુભૂતિ કરવાના બદલે જે જીવ નિમિત્તને અનુસરીને શુભ અને અશુભ પરિણતિ કરે છે તે શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત છે. હિંસા, જૂઠ આદિ અશુભ પર્યાય હો કે દયા-દાનાદિ શુભ પર્યાય હો એ બધી પર્યાય આત્માની અનુભૂતિથી વિપરીત છે

તેથી તેનાથી જીવને કર્મોનું બંધન થાય છે.

અન્યમતી ધર્મની ગમે તેટલી મોટી મોટી વાત કરે પણ તેમાં દ્રવ્ય કે પર્યાયનું નામ પણ ન આવે કેમ કે દ્રવ્ય-પર્યાયની તેને ખબર જ નથી. અહીં તો ગાથાદીઠ દ્રવ્ય અને પર્યાયની જ કથની આવે. આત્મા શુદ્ધ અને આનંદમૂર્તિ હોવા છતાં તેનો આશ્રય નહિ લેવાથી અજ્ઞાનીને અનાદિથી અશુદ્ધ રાગાદિ પરિણતિ થાય છે, તે કર્મના ઉદયથી થાય છે એમ કહ્યું નથી. પણ અશુદ્ધ રાગાદિ પરિણતિના કારણે જીવને કર્મ બંધાય છે એમ કહ્યું છે.

ભાવદીપિકામાં લખેલી વાત સવારે... ભાઈએ (છોટાભાઈએ) યાદ કરી હતી તેમાં દીપચંદજી લખે છે કે વર્તમાનમાં સાક્ષાત્ ગૃહીતમિથ્યાત્વના પોષણ કરે એવા જિનસૂત્રના વક્તા થયા છે, અધિષ્ઠાતા થયા છે. ભોળા જીવો તેની બતાવેલી પ્રવૃત્તિ કરી રહ્યાં છે, તેને સત્‌સૂત્રનું તો કાંઈ જ્ઞાન નથી. મોટા મહાનશાસ્ત્રોના જ્ઞાનથી અગોચર થયા થકાં મૂઢતાને પ્રાપ્ત, હીનશક્તિના ધારક છે. સાચા જિનોક્ત સૂત્રના જ્ઞાતા અને વક્તા કોઈ રહ્યાં નથી. તેથી સત્ય જિનમતનો અભાવ થયો છે. લોકો ધર્મથી પરાંગમુખ થયા છે. કોઈ કોઈ બુદ્ધિમાન ગૃહસ્થ સંસ્કૃત, પ્રાકૃતના જાણનાર થયાં, તે જિનસૂત્રનું અવગાહન કરે છે તો જણાય છે કે વર્તમાનમાં કોઈ જીવ સૂત્રાનુસાર શ્રદ્ધાન-જ્ઞાન-આચરણ કરતાં નથી. આ અઢીસો વર્ષ પહેલાં થયેલાં દીપચંદજીનો પોકાર છે..... ઘણાં સમયથી આવી મિથ્યાશ્રદ્ધા-જ્ઞાન-આચરણની પ્રવૃત્તિ એવી ગાઢ થઈ ગઈ છે કે મુખથી કહેવાથી કોઈ માનતું નથી, એકાંત કહીને કાઢી નાખે છે. તેથી જીવોનું અકલ્યાણ થતું જાણીને, કરુણાબુદ્ધિથી દેશભાષામાં શાસ્ત્રરચના કરી જેથી કોઈ સુબુદ્ધિને શાસ્ત્રનું જ્ઞાન થાય. જ્ઞાનની શક્તિની એવી હીનતા થઈ રહી છે કે ભાષાશાસ્ત્રોનું જ્ઞાન પણ ઘણાને થતું નથી તેથી મોટાશાસ્ત્રોમાંથી પ્રયોજનભૂત વાત લઈ લઈને નાના શાસ્ત્રો બનાવ્યાં છે, એ આ ભાષાશાસ્ત્રો છે જેમાં થોડો થોડો સાર ભરેલો છે.....

આ દીપચંદજીને કેવી લાગી છે! મોટા શાસ્ત્રોમાંથી ટૂકડાં કાઢીને નાના નાના શાસ્ત્રોમાં સાર ભરું છું એમ કહે છે. અન્યમાં તો આ વાત જ નથી પણ દિગંબર જૈનધર્મમાં પણ બહુ ફેરફાર થઈ ગયો. અહા! આવો મારગ! એના કથનો! એની રીત! એના શાસ્ત્રો! એના તત્ત્વો! જેને ત્રણકાળમાં બીજા કોઈ કહી શકે નહિ એવો આ ધર્મ છે.

ભગવાન આત્મા જેને રુચ્યો તેને પુણ્ય-પાપ રુચતાં નથી. એ વાત સમજાવવા દ્રષ્ટાંત આપ્યું છે કે જેમ ગણિકાને ત્યાં ઘણાં પુરુષો આવે છે પણ કોઈ ઉપર અંતરથી પ્રેમ નથી, તેમ ધર્મીને કોઈ પરપદાર્થ, કોઈપણ વિષય કે શુભાશુભ ભાવનો પ્રેમ નથી,

અંતરથી કોઈ ભાવ રુચતાં નથી. અશુદ્ધભાવ કહેતાં શુભ અને અશુભ બંને ભાવ આવી જાય છે. અનાદિકાળથી જીવે એકલાં અશુભભાવ જ કર્યા છે એમ નથી. શુભભાવ કરીને નવમી ગ્રૈવેઈક સુધી પણ અનંતવાર જઈ આવ્યો છે. અત્યારે તો એવા શુભપરિણામ પણ કોઈને ન હોય કે જેનાથી નવમી ગ્રૈવેઈક જવાય. એવા શુભ અને અશુભ પરિણામને અહીં અશુદ્ધપરિણામ કહ્યાં છે. તેનાથી ઉપાર્જન કરેલાં કર્મોના ઉદયમાં જે હર્ષ-શોક કરે છે તેને નવા કર્મ બંધાય છે.

અહીં! એમ નથી કહ્યું કે જેવો કર્મનો ઉદય આવ્યો તેવા જ ભાવ જીવે કર્યા અને તેથી તેવા જ કર્મનું ઉપાર્જન કર્યું. मोहइँ निर्मोहशुद्धात्म प्रतिकूल मोहोदयेन એટલે નિર્મોહ શુદ્ધાત્માથી પ્રતિકૂળ એવા મોહથી જીવે શુભાશુભભાવ કરીને કર્મ બાધ્યાં છે તેથી તેને निजोपार्जितं કહ્યાં છે. પોતે અશુદ્ધપરિણતિ કરીને પોતે જ કર્મનું ઉપાર્જન કર્યું છે. નિજશુદ્ધાત્માનુભૂતિથી વિપરીત અશુદ્ધપરિણતિ દ્વારા પૂર્વે જે કર્મ બાંધ્યું હતું તેના ફળને ભોગવતો અજ્ઞાની હર્ષ-વિષાદ કરે છે, પોતાના આનંદસ્વભાવને ભૂલેલો અજ્ઞાની બાહ્ય સામગ્રી મળતાં આ મને ઠીક છે એમ માનીને હરખ કરે છે અને પ્રતિકૂળ સામગ્રીના સંયોગમાં આ મને ઠીક નથી.... ઠીક નથી એમ કરીને દ્વેષ કરે છે–વિષાદ એટલે ખેદ કરે છે. શરીરમાં રોગ હોય, નિર્ધનતા હોય તેમાં તેને ખેદ થાય છે પણ આ મારી ચીજ નથી એમ જાણીને છૂટો પડતો નથી. ભગવાન આત્માને ભૂલીને ખેદ કરે છો! મૂઢ છો! તને નવું કર્મ બંધાય છે. ભગવાન આત્માને ઠીક માનતો નથી અને આ મારું કહ્યાગરું કુટુંબ–પુત્ર–સ્ત્રી–ધન આદિ બધું મને અનુકૂળ છે એમ માનીને આ મને ઠીક છે એવી કલ્પના કરનારો તું મૂઢ છો.

શ્રોતા :—પોતાના દિ' વળે ત્યારે સાચું કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એમાં દિ' ક્યાંથી વળ્યો કહેવાય! પોતાનો સ્વકાળ સ્વ તરફ વળે ત્યારે પોતાનો દિ' વળ્યો કહેવાય. અશુદ્ધ પરિણતિમાં ગયેલો છે ત્યાંથી પાછો હટીને શુદ્ધ પરિણતિમાં વળે ત્યારે તેનું ભલું થયું કહેવાય. એ સિવાય બધાં અહિતના ધંધા છે.

આમ, સંયોગોમાં જે હર્ષ-વિષાદ કરે છે તે જ કર્મોને બાંધે છે. અજ્ઞાની રાગ-દ્વેષ કરે છે તેથી જ ચીકણાં કર્મ બાંધે છે. જ્ઞાનીને એવા રાગ-દ્વેષ થતાં જ નથી તેથી બંધ થતો નથી. અજ્ઞાની જેવા જ બધાં અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો જ્ઞાનીને મળ્યા હોય પણ જ્ઞાનીને પરમાં કાંઈ ઠીક-અઠીક લાગતું જ નથી. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવના ભાન પાસે બીજું કાંઈ પોતાનું ભાસતું જ નથી તેથી ઠીક-અઠીક માનવાનું રહેતું નથી તેથી જ્ઞાનીને અશુદ્ધભાવ નહિ થતાં હોવાથી અજ્ઞાની જેવા કર્મોનું બંધન થતું નથી. *(ક્રમશઃ)*

* * *

# ✻ પુરુષાર્થ ✻

સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા : ૩૨૧-૩૨૨-૩૨૩ ઉપર પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન. માગશર સુદ ૧૨, રવિવાર વીર સં. ૨૪૭૨

[ ગતાંકથી ચાલુ... ]

આ એકલા જીવની વાત નથી, પણ બધા જ પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. અહીં મુખ્યપણે જીવની વાત સમજાવી છે. આત્માની અવસ્થા આત્મામાંથી જ ક્રમબદ્ધ પ્રગટે છે એમ નક્કી કરવામાં અનંતુ વીર્ય છે. આ નક્કી કરતાં અનંતા પર પદાર્થોને સારા–ખરાબ માનીને પહેલાં જે રાગ–દ્વેષ થતા હતા તે બધા ટળી ગયા. પર નિમિત્તનું ધણીપણું માનતાં વીર્ય પરમાં અટકતું હતું, તે હવે પોતાના આત્મસ્વભાવને વળગી ગયું. રાગ, નિમિત્ત એ બધા ઉપરની દૃષ્ટિ છૂટી સ્વભાવદૃષ્ટિ થઈ. એ સ્વભાવદૃષ્ટિમાં પોતાના પર્યાયની સ્વાધીનતાની કેવી પ્રતીતિ આવે છે તેની આ વાત છે. સ્વભાવદૃષ્ટિ સમજ્યા વગરના વ્રત, તપ, ભક્તિ, દાન અને ભણતર એ બધુંય એકડા વગરના મીંડાંની જેમ વૃથા છે. મિથ્યાદૃષ્ટિ જીવને તે કાંઈ સાચું હોતું નથી.

અહો ભગવાન ! તારી વસ્તુમાં ભગવાન જેટલું પરિપૂર્ણ સામર્થ્ય છે, ભગવાનપણું તારી વસ્તુમાંથી જ પ્રગટવાનું છે. આવા ટાણે યથાર્થ વસ્તુસ્વરૂપને દૃષ્ટિમાં નહીં લે તો વસ્તુના સ્વરૂપને જાણ્યા વગર જન્મ–મરણના અંત નહીં આવે. વસ્તુસ્વરૂપ જાણતાં અનંત સંસાર ટળી જાય છે. સ્વભાવમાં સંસાર નથી, તેથી સ્વભાવની પ્રતીતિ થતાં મોક્ષપર્યાયની તૈયારીના ભણકારા વાગે છે. ભગવાન ! આ તારા સ્વભાવની વાત છે. હા તો લાવ ! તારા સ્વભાવના હકારમાંથી સ્વભાવદશાની અસ્તિ આવશે. સ્વભાવસામર્થ્યની ના ન પાડ ! **'सब प्रकार अवसर आ चुका है'** તારા દ્રવ્યમાં દૃષ્ટિ કરીને જો, કેમ કે દ્રવ્યમાંથી સાદિ–અનંતકાળ મોક્ષદશા પ્રગટે છે. તે દ્રવ્યની પ્રતીતિના જોરે મોક્ષદશા પ્રગટી જાય છે. ॥૩૨૧–૩૨૨॥

જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ–એ છયે દ્રવ્યોમાં ક્રમબદ્ધપર્યાય થાય છે. જીવ જો પોતાના ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા કરે તો તેના ક્રમબદ્ધમાં મોક્ષપર્યાય થયા વિના રહે નહિ કેમ કે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાનું વજન સ્વમાં આવે છે. જે વસ્તુમાંથી પોતાની ક્રમબદ્ધ અવસ્થા આવે છે તે વસ્તુ ઉપર દૃષ્ટિ મૂકવાથી મોક્ષ થાય છે. પરદ્રવ્ય મારી ક્રમબદ્ધ અવસ્થા કરી દેશે એવી દૃષ્ટિ તૂટી જવાથી અને સ્વદ્રવ્યમાં દૃષ્ટિ મૂકવાથી રાગની ઉત્પત્તિ થતી નથી એટલે કે વસ્તુની અવસ્થા ક્રમબદ્ધ

થાય છે એવી દૃષ્ટિ થતાં પોતે જ્ઞાતા–દ્રષ્ટા થઈ જાય છે, અને જ્ઞાતા–દ્રષ્ટાના જોર વડે અસ્થિરતા તોડીને સંપૂર્ણ સ્થિર થઈ અલ્પ કાળમાં મુક્તિ પામે છે. આમાં અનંત પુરુષાર્થ આવે છે.

પુરુષાર્થ વડે સ્વરૂપની દૃષ્ટિ કરવાથી અને તે દૃષ્ટિના જોરે સ્વરૂપમાં રમણતા કરવાથી ચૈતન્યમાં ક્રમબદ્ધ શુદ્ધ પર્યાય થાય છે. ચૈતન્યનો ક્રમબદ્ધ શુદ્ધ પર્યાય પ્રયત્ન વિના થતો નથી. મોક્ષમાર્ગની શરૂઆતથી પૂર્ણતા સુધી બધેય સમ્યક્ પુરુષાર્થ અને જ્ઞાનનું જ કાર્ય છે.

બહારની ચીજનું જે થવાનું હોય તે થાય એમ ક્રમબદ્ધપણું ખરેખર નક્કી ક્યારે કર્યું કહેવાય?–કે બહારની ચીજથી ઉદાસ થઈને બધાનો જ્ઞાતા રહી જાય તો તેને ક્રમબદ્ધનો સાચો નિર્ણય છે. જે જીવ પોતાને પરનો કર્તા માને છે અને પરથી પોતાને સુખ–દુઃખ થાય એમ માને છે તેને ક્રમબદ્ધપર્યાયની જરા પણ પ્રતીતિ નથી.

હું દ્રવ્ય છું અને મારા અનંત ગુણો છે. તે ગુણો પલટીને સમયે સમયે એક પછી એક ક્રમબદ્ધ અવસ્થા થાય છે. તે અવસ્થા આડી–અવળી થતી નથી તેમ જ એકસાથે બે ભેગી થતી નથી અને કોઈ સમય અવસ્થા વગરનો ખાલી પણ જતો નથી. કેવળજ્ઞાન અને મોક્ષદશા પણ મારા ગુણમાંથી જ ક્રમબદ્ધ પ્રગટે છે. આવી રીતે ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થતાં પોતાનો પર્યાય ઊઘાડવા માટે કોઈ પર ઉપર લક્ષ કરવાનું રહેશે નહિ, અને તેથી કોઈ પર ઉપર રાગ–દ્વેષ કરવાનું કારણ પણ નહિ રહે. એટલે શું થશે?–કે બધા પર ઉપરનું લક્ષ છોડીને તે પોતામાં જોવા માટે વળશે. હવે પોતામાં પણ 'મારો પૂર્ણ શુદ્ધ પર્યાય ક્યારે ઊઘડશે?' એવો આકૂળતાનો વિકલ્પ રહેશે નહિ કેમ કે ત્રણે કાળના ક્રમબદ્ધપર્યાયથી ભરેલું દ્રવ્ય તેની પ્રતીતિમાં આવી ગયું છે. તેથી ક્રમબદ્ધપર્યાયની જે જીવ શ્રદ્ધા કરે છે તે જીવ તો નજીક મુક્તિગામી જ હોય.

ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધા થતાં, પરદ્રવ્યની અવસ્થા ગમે તેવી થાય તોપણ તેમાં, 'આ આમ કેમ થયું? આમ થયું હોત તો મને ઠીક પડત' એ વગેરે વિચારો (રાગ–દ્વેષ) થાય જ નહિ. કેમ કે ક્રમબદ્ધપર્યાય નક્કી કરનારને શ્રદ્ધા છે કે આ દ્રવ્યની આ વખતે આવી જ અવસ્થા ક્રમબદ્ધમાં થવાની હતી અને તે જ પ્રમાણે થઈ છે. તો પછી તે તેમાં રાગ કે દ્વેષ કેમ કરે? માત્ર જે વખતે જે વસ્તુની જે અવસ્થા થાય છે તેનું તે જ્ઞાન જ કરે છે. બસ! તે જ્ઞાતા થઈ ગયો અને જ્ઞાતાપણે રહીને અલ્પ કાળમાં કેવળજ્ઞાન પામી મુક્તિ પામશે. આ ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાનું ફળ!

ક્રમબદ્ધ અવસ્થાનો નિર્ણય જ જ્ઞાયક સ્વભાવનો અર્થાત્ વીતરાગ સ્વભાવનો

નિર્ણય છે અને તે નિર્ણય અનંત પુરુષાર્થથી જ થઈ શકે છે. પુરુષાર્થને સ્વીકાર્યા વગર મોક્ષ તરફનો ક્રમબદ્ધપર્યાય થતો નથી. જેના જ્ઞાનમાં પુરુષાર્થનો સ્વીકાર નથી તે પોતાના પુરુષાર્થને ઉપાડતો નથી અને તેથી પુરુષાર્થ વગર તેને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થતું નથી. પુરુષાર્થ નહિ સ્વીકારનારનો ક્રમબદ્ધપર્યાય નિર્મળ નહિ થાય પણ વિકારી થશે. એટલે પુરુષાર્થ નહિ સ્વીકારનાર અનંત સંસારી છે અને પુરુષાર્થ સ્વીકારનાર નજીક મુક્તિગામી છે. ક્રમબદ્ધ અવસ્થાનો નિર્ણય કહો કે પુરુષાર્થવાદ કહો–તે આ જ છે.

પ્રશ્ન :— જો ક્રમબદ્ધપર્યાય જ્યારે જે થવાનો હતો ત્યારે તે જ થાય છે તો પછી વિકારી ભાવ પણ થવાના હતા ત્યારે જ થયા છેને ?

ઉત્તર :— અરે ભાઈ ! તારો પ્રશ્ન જ ઊંધેથી ઊપડ્યો છે. 'વિકારી પર્યાય થવાનો હતો ત્યારે થયો' આમ જેણે પોતાના જ્ઞાનમાં પ્રતીતિ કરી છે તેની રુચિ ક્યાં અટકી છે ? વિકારને જાણનારને જ્ઞાનની રુચિ છે કે વિકારની રુચિ છે ? વિકારને યથાર્થપણે જાણવાનું કામ કરનાર જ્ઞાન તો પોતાના સ્વભાવનું છે અને તે જ્ઞાનનું વીર્ય વિકારથી ખસીને જ્ઞાનસ્વભાવમાં ગયું છે. જ્ઞાન સ્વભાવમાં ગયેલું જ્ઞાનનું વીર્ય વિકારની કે પરની રુચિમાં અટકે જ નહિ, પણ સ્વભાવના જોરે વિકારનો અલ્પ કાળમાં ક્ષય કરે. જેને વિકારની રુચિ છે તેની દૃષ્ટિનું જોર (વીર્યનું વજન) વિકાર તરફ જાય છે. 'જે પર્યાય થવાનો હોય તે જ પર્યાય ક્રમબદ્ધ થાય છે' આમ કોનું વીર્ય કબૂલ કરે ? આ કબૂલનારને પરમાં સુખબુદ્ધિ ન હોય પણ સ્વભાવમાં જ સંતોષ હોય.

જેમ મોટા પુરુષના ઘરે લગ્નપ્રસંગ હોય તો બધાને આમંત્રણ કરીને માંડવે સાગમટે નોતરે અને પછી હરખથી બદામ–પિસ્તાના મેસુબ જમાડે તેમ અહીં સર્વજ્ઞદેવના ઘરના સાગમટે નોતરાં છે. 'મુક્તિના માંડવે' બધાને આમંત્રણ છે, આખા જગતને આમંત્રણ છે. મુક્તિમંડપના હરખ જમણમાં સર્વજ્ઞ ભગવાને દિવ્યધ્વનિમાં કહેલાં ન્યાયોમાંથી ઊંચી–ઊંચી જાતના ન્યાયો પીરસાય છે કે જે પચાવતાં આત્મા પુષ્ટ થાય. તારે સર્વજ્ઞ ભગવાન થવું હોય તો તું પણ આ વાત માન. જેણે આ વાત માની તેની મુક્તિ જ છે. લ્યો ! આ 'મુક્તિના માંડવા' પછી ત્રીજા દિવસના હરખ જમણ ! (સુવર્ણપુરીમાં 'ભગવાનશ્રી કુંદકુંદપ્રવચનમંડપ'નું ખાતમુહૂર્ત અર્થાત્ 'મુક્તિના માંડવા' માગસર સુદ ૧૦ ના રોજ થયેલ, ત્યાર પછી ત્રીજા દિવસનું આ વ્યાખ્યાન હોવાથી તેને અહીં 'ત્રીજા દિવસના હરખ જમણ' કહેલ છે.)

હવે, ગાથા ૩૨૧–૩૨૨ માં જે વસ્તુસ્વરૂપ બતાવ્યું તેની વિશેષ દૃઢતા માટે ૩૨૩મી ગાથામાં કહે છે કે જે જીવ પૂર્વે, ગાથા ૩૨૧–૩૨૨માં, કહેલાં વસ્તુસ્વરૂપને

જાણે છે તે સમ્યગ્દૃષ્ટિ છે અને જે તેમાં સંશય કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.

एवं जो णिच्छयदो जाणदि दव्वाणि सव्वपज्जाए ।
सो सद्दिट्ठी सुद्धो जो संकदि सो हु कुद्दिट्ठी ॥३२३॥

અર્થ :– એ પ્રમાણે નિશ્ચયથી સર્વ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યોને તથા તે દ્રવ્યોના સર્વ પર્યાયોને સર્વજ્ઞના આગમ અનુસાર જે જાણે છે—શ્રદ્ધાન કરે છે તે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે તથા જે એ પ્રમાણે શ્રદ્ધાન નથી કરતો પણ તેમાં શંકા–સંદેહ કરે છે તે સર્વજ્ઞના આગમથી પ્રતિકૂળ છે—પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ છે.

સર્વજ્ઞદેવે કેવળજ્ઞાન વડે જાણીને આગમમાં કહેલાં દ્રવ્યો અને તેના અનાદિ–અનંત કાળના બધા પર્યાયો જેના જ્ઞાનમાં અને જેની પ્રતીતિમાં બેસી ગયા તે 'सद्दिट्ठी सुद्धो' એટલે કે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ છે. મૂળ પાઠમાં 'सो सद्दिट्ठी सुद्धो' એમ કહીને જોર મૂક્યું છે. પહેલી વાત અસ્તિથી કરી, પછી નાસ્તિથી કહે છે કે 'संकदि सो हु कुद्दिट्ठी' જે તેમાં શંકા કરે છે તે પ્રગટપણે મિથ્યાદૃષ્ટિ–સર્વજ્ઞનો વેરી છે.

સ્વામી કાર્તિકેયાચાર્યદેવે આ ૩૨૧–૩૨૨–૩૨૩ ગાથામાં ગૂઢ રહસ્ય સંકેલી લીધું છે. સમ્યગ્દૃષ્ટિ જીવ બરાબર જાણે છે કે બધાય પદાર્થોની અવસ્થા ક્રમબદ્ધ છે. સર્વજ્ઞદેવ અને સમ્યગ્દૃષ્ટિમાં એટલો ફેર છે કે સર્વજ્ઞદેવ બધા દ્રવ્યોના ક્રમબદ્ધપર્યાયોને પ્રત્યક્ષ જ્ઞાનથી જાણે છે અને સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા તેને આગમ પ્રમાણથી પ્રતીતિમાં લે છે એટલે કે પરોક્ષ જ્ઞાનથી નક્કી કરે છે. સર્વજ્ઞને સર્વથા અને સમ્યગ્દૃષ્ટિને અભિપ્રાયમાં રાગ–દ્વેષ ટળી ગયા છે. સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાનથી ત્રણે કાળના પર્યાયોને જાણે છે અને સમ્યગ્દૃષ્ટિ જીવ, જોકે કેવળજ્ઞાન વડે નથી જાણતો તોપણ, શ્રુતજ્ઞાન વડે તેની પ્રતીતિ કરે છે. તેનું જ્ઞાન પણ નિઃશંક છે. પર્યાય તે દરેક વસ્તુનો ધર્મ છે. વસ્તુ સ્વતંત્રપણે પોતાના પર્યાયરૂપે થાય છે. જે વખતે જે પર્યાય થાય તેને માત્ર જાણવો એ જ જ્ઞાનનું કર્તવ્ય છે. પર્યાયને જાણતાં 'આ પર્યાય આમ કેમ થયો' એમ શંકા કરનારને વસ્તુના સ્વતંત્ર પર્યાયધર્મની અને જ્ઞાનના કાર્યની ખબર નથી. જ્ઞાનનું કાર્ય માત્ર જાણવાનું છે. જાણવામાં 'આમ કેમ' એ શંકા ક્યાં છે ? 'આમ કેમ' એવી શંકા કરવી તે જ્ઞાનનું સ્વરૂપ નથી પણ, 'જે પર્યાય થાય છે તે વસ્તુના ધર્મ પ્રમાણે જ થાય છે' એમ જાણવું તે જ્ઞાનનું સ્વરૂપ છે. માટે જેમ થાય તેમ તેને જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે. આ રીતે જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરીને જ્ઞાની તો નિઃશંકપણે બધાને જાણ્યા જ કરે છે. આવા જ્ઞાનના જોરે કેવળજ્ઞાન અને પોતાના પર્યાય વચ્ચેના અંતરને તોડીને પૂર્ણ કેવળજ્ઞાનને તે અલ્પ કાળમાં પ્રગટ કરશે.

*(ક્રમશઃ)*

[તા. ૧૦-૮-૨૦૦૪]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધામિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી 'કળશ-ટીકા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

## * ધાર્મિક શિક્ષણવર્ગ *

પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતીના સ્વર્ણિમ અવસર પર સુવર્ણપુરીમાં પ્રતિવર્ષાનુસાર 'જૈન અધ્યાત્મ શિક્ષણવર્ગ'નો પ્રારંભ તા. ૨૫-૮-૨૦૦૪, બુધવારના દિવસે થશે. પુરુષો માટે ૨૦ દિવસ ચાલનાર આ શિક્ષણવર્ગનું સમાપન તા. ૧૩-૯-૨૦૦૪, સોમવારના દિવસે થશે. સવારે શ્રી પ્રવચનસાર (જ્ઞેયતત્વપ્રજ્ઞાપન) તથા સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક (સાતમો અધિકાર) પર શિક્ષણ આપવામાં આવશે.

❀ દશલક્ષણપર્યુષણપર્વ :— ભાદરવા સુદ ૪, શનિવાર તા. ૧૮-૯-૨૦૦૪થી ભાદરવા સુદ ૧૪, સોમવાર, તા. ૨૭-૯-૨૦૦૪ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ દશલક્ષણમંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એજ રીતે તા. ૨૬-૯-૨૦૦૪, રવિવાર થી. તા. ૨૮-૯-૨૦૦૪, મંગળવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ ઉત્તમ ક્ષમાવણીપર્વ :— ભાદરવા વદ ૧, બુધવાર, તા. ૨૯-૯-૨૦૦૪ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

—આ રીતે પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ

શ્રી સુવર્ણપુરી સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્ત્વજ્ઞાનની પવિત્ર ઉપાસના, જિનેન્દ્રપૂજાભક્તિ આદિ અનેકવિધ પ્રસન્ન વાતાવરણથી તથા વિભિન્ન યાત્રિઓના આગમનથી સદૈવ પુલકિત રહે છે. આ બધો ભવ્ય પ્રતાપ તેઓ બંને સંતોના ધર્મોપકારનો છે. અહો ! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનો ધર્મોપકારપ્રતાપ !

## * રાજકોટમાં નૂતન દિગંબર જિનમંદિરનો શિલાન્યાસ *

રાજકોટમાં શ્રી કુંદકુંદ-કહાન યુવકપરિવાર મંડળ તરફથી 'નંદીશ્વર બાવન જિનાલયયુક્ત શ્રી આદિનાથ દિગંબર જિનમંદિર' નિર્માણાધીન છે. તેનો મંગલ શિલાન્યાસ મહોત્સવ તા. ૨૬-૮-૨૦૦૪, ગુરુવારના દિવસે નિશ્ચિત કરવામાં આવ્યો છે. આ મંગલ અવસરે પધારવા સમસ્ત મુમુક્ષુઓને રાજકોટ મંડળ દ્વારા નિમંત્રણ છે.

## * બોટાદ (સૌરાષ્ટ્ર)માં કહાનગુરુ-પ્રતિકૃતિ સંસ્થાપન *

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિરટ્રસ્ટ, બોટાદ દ્વારા બોટાદ શહેરમાં, દિગંબર જૈન સ્વાધ્યાયમંદિરમાં આપણા પરમ તારણહાર, સ્વાનુભૂતિ-અધ્યાત્મમાર્ગપ્રકાશક પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સંગેમરમરનિર્મિત ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ)ના મંગલ સંસ્થાપનનું આયોજન તા. ૧-૯-૨૦૦૪, બુધવારે કર્યું છે. આ 'ગુરુપ્રતિકૃતિ-સંસ્થાપન'ના મંગલ અવસર પર પધારવા સર્વે મુમુક્ષુઓને તે ટ્રસ્ટનો ધર્મવાત્સલ્યપૂર્ણ અનુરોધ છે.

* * *

શ્રી પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની ગાથા ૭૪મા કહ્યું છે કે જિનવાણી સાંભળવાની પાત્રતામાં ત્રસનો ખોરાક ન હોય. મધ, મદિરા, બે ઘડી પછીનું માખણ, માંસ તથા પાંચ ઉદંબર ફળનો ખોરાક ન હોય. એવો ખોરાક હોય તે તો આ વાત સાંભળવાને પણ પાત્ર નથી. ખરેખર તો રાત્રિ ભોજનમાં પણ ત્રસ હોય છે. ત્રસનો ખોરાક આ સાંભળનારને ન હોય ભાઈ ! રાત્રિનો ખોરાક પણ હોય નહીં ભાઈ ! જેમાં ત્રસ મરે એવો માંસ જેવો ખોરાક આવું સાંભળનારને ન હોય ભાઈ ! આ તત્ત્વને સાંભળવાને તું લાયક હોય તો ભાઈ ! જેમાં ત્રસની ઉત્પત્તિ હોય તે ખોરાક ન હોય. ત્રસ ઉત્પન્ન થાય એવા અથાણા આદિ પણ ન હોય. જેને ઈન્દ્રો સાંભળે એવી પરમાત્માની આવી ઉત્કૃષ્ટ વાણી સાંભળનારને ત્રસની ઉત્પત્તિનો ખોરાક ન હોય. વાતો મોટી મોટી કરે ને ત્રસનો ખોરાક હોય અરેરે ! ભલે તે ધર્મ નથી, તે હેય છે, પણ આ સાંભળનારને ત્રસનો ખોરાક ન હોય; એ પહેલાંમાં પહેલી પાત્રતા છે તેમ પુરુષાર્થ સિદ્ધિ-ઉપાયની ગાથા ૬૧ તથા ૭૪મા કહ્યું છે. *--પૂજ્ય ગુરુદેવશ્રી*

શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુમંડળ, સુરત તરફથી રૂા. ૧૦,૦૦૦=૦૦ આ અંકના પ્રકાશન ખાતે મળેલ છે.

શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુમંડળ દ્વારા

અધ્યાત્મ-અતિશયતીર્થ સોનગઢમાં સાનંદોલ્લાસ સંપન્ન થવાવાળા

**પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૧મો**

# વાર્ષિક મંગલ જન્મોત્સવ

સ્વાનુભવમુદ્રિત-અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પરમ ભક્ત સ્વાનુભૂતિવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની— કે જેમનાં વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુમહિમાયુક્ત તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક ઉપકારકિરણો આપણા સાધનાપથને સદાય આલોકિત કરે છે. તેઓની—આપણી ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દૃઢ કરવા માટે, ૯૧મી જન્મજયંતી (શ્રાવણ વદ બીજ) સુવર્ણપુરીમાં શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુમંડળના સૌજન્યથી અત્યંત ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવશે. આ મંગલ જન્મોત્સવનું આયોજન તા. ૨૭-૮-૨૦૦૪, શુક્રવારથી તા. ૩૧-૮-૨૦૦૪, મંગળવાર—પાંચ દિવસ સુધી 'શ્રી ચોસઠઋદ્ધિમંડલવિધાનપૂજા', અધ્યાત્મજ્ઞાનોપાસના તથા દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ રોચક કાર્યક્રમસહિત અતી ભક્ત્યુલ્લાસથી ઊજવવામાં આવશે. આ મંગલ અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસપૂર્ણ સી.ડી. પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, તા. ૨૫-૮-૨૦૦૪ થી તા. ૧૩-૯-૨૦૦૪—વીસ દિવસ સુધી ચાલનારો ધાર્મિક શિક્ષણવર્ગ, સાંસ્કૃતિક-ક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિગંબર જૈન ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ—વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમનો પણ સર્વેને લાભ મળશે. આ શુભાવસરનો લાભ લેવા માટે સર્વે મુમુક્ષુઓને, સપરિવાર તથા સાધર્મી મુમુક્ષુવૃંદસહિત, સોનગઢ પધારવા ધર્મવાત્સલ્યયુક્ત આગ્રહપૂર્ણ નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

નિમંત્રણપત્રિકા (જેની લેખનવિધિ સોનગઢમાં તા. ૧-૮-૨૦૦૪, રવિવારના દિવસે આનંદોલ્લાસપૂર્વક રાખવામાં આવેલી) સર્વે મુમુક્ષુઓને પ્રેષિત કરવામાં આવી છે.

*નિમંત્રક—*

*શ્રી સુરત દિગંબર જૈન મુમુક્ષુમંડળ, સુરત*

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

❀ ધર્મીનું ઉદ્ધતજ્ઞાન નથી ગણતું નિમિત્તને, નથી ગણતું રાગને, નથી ગણતું દેવ–શાસ્ત્ર–ગુરુને કે નથી ગણતું તેમના તરફની વૃત્તિને. ત્રણલોકના નાથે એમ કહ્યું છે કે અમારી સામે જોવું છોડી દે....મારે કોઈનું આલંબન લેવું પડે એવો હું નથી. એક સમયની પર્યાયને પણ ધર્મીનું ઉદ્ધતજ્ઞાન આદર કરતું નથી, પોતાના અખંડ સ્વભાવ સિવાય કોઈને એ ઉદ્ધતજ્ઞાન ગણતું નથી. ૩૨૧.

❀ સમયસાર ગાથા ૧૧ના ભૂતાર્થ અભૂતાર્થ બાબત સ્પષ્ટતા કરતાં પૂજ્યશ્રીએ કહ્યું કે દ્રવ્યમાં પર્યાય નથી તે વાત અહીં નથી પણ અહીં તો પર્યાય છતી સત્‌રૂપ છે, તેને દ્રવ્યની દૃષ્ટિ કરાવવાના પ્રયોજનની મુખ્યતાથી પર્યાય અસ્તિરૂપ છે તેને ગૌણ કરીને પર્યાય છે જ નહીં તેમ કહી દીધું છે. પર્યાય તે-વિશેષરૂપ છે અને વિશેષનો આશ્રય (–દૃષ્ટિ) કરવાથી વિષમતારૂપ મિથ્યાત્વ થાય છે. તેથી તેને ગૌણ કરાવીને પર્યાય છે જ નહીં તેમ કહીને દ્રવ્યની મુખ્યતા કરીને દૃષ્ટિમાં દ્રવ્યને લેવાની મુખ્યતાનું પ્રયોજન સિદ્ધ કર્યું છે. ૩૨૨.

❀ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો શુભરાગ જ્ઞાનીને આવે છે તે "અશુભ વંચનાર્થે" એટલે કે અશુભથી બચવા માટે આવે છે. પણ જેને સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી તેને તો મિથ્યાત્વ પડ્યું છે તેથી તે અશુભથી બચશે શું ? પણ ધર્મી જીવને દૃષ્ટિ સ્વભાવ ઉપર પડી છે તેને અશુભથી બચવા શુભ રાગ આવે છે તેમ કહેવાય છે. ૩૨૩.

❀ દેવ-શાસ્ત્ર-ગુરુની સાથે એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વ છે અને તેની તરફના રાગમાં અને શ્રદ્ધામાં એકત્વબુદ્ધિ તે પણ મિથ્યાત્વ છે અને એથી આગળ લઈએ તો દેવ-શાસ્ત્ર-ગુરુના નિમિત્તે પોતાના ઉપાદાનથી જે પરલક્ષી જ્ઞાન થયું ઇ જ્ઞાનમાં એકત્વબુદ્ધિ એ પણ મિથ્યાત્વ છે. ૩૨૪.

❀ આ મારગ મોંઘો છે એમ એણે માની લીધું છે. પોતાની વસ્તુ મોંઘી કેમ હોય ? પણ મોંઘી માની લીધી છે, તેથી સમજાય નહિ એમ એને રહ્યા કરે છે. મારગ તો સહેલો છે. પરંતુ રોકાવાના સ્થાનો એટલા છે કે ક્યાંક ને ક્યાંક રોકાઈ રહે છે. જો રોકાય નહિ તો સહેલું જ છે. પણ ઇ લપ કાંઈક ને કાંઈક ઊભી કરે છે. તેથી એને આ સમજાતું નથી. ૩૨૫.

ભગવાન સૂત્રકર્તા આચાર્યદેવ કહે છે કે અનેક પ્રકારના શુભ વિકલ્પો કરવાથી કાર્યસિદ્ધિ તો કાંઈ થતી નથી. કાર્યસિદ્ધિ તો અનંત અનંત આનંદના સાગર આત્મા તરફ જવાથી જ થાય છે. ત્યાં કેમ જતો નથી? અનેક પ્રકારના શુભ વિકલ્પોની ક્રિયામાં આગળ વધતો જાય છે તેમ સ્વાનુભવની કાર્યસિદ્ધિ કરવામાં ભ્રષ્ટ થાય છે. પહેલાં આત્માનો નિર્ણય કરીને સ્વાનુભવનો પ્રયત્ન કરવો જોઈએ, એ ન કરતાં શુભ વિકલ્પમાં ને વિકલ્પમાં આગળ વધતો જાય છે તે સ્વાનુભવથી ભ્રષ્ટ થાય છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–

વાર્ષિક લવાજમ : રૂા. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662